# મુનિ યશસ્વત્સાગર કૃત શબ્દાર્થસમ્બન્ધઃ

જિતેન્દ્ર શાહ

અઢારમી સદીના પ્રારંભે થયેલા ત્રણ મહાન્ જ્યોતિર્ધરો નિર્ગ્રન્થ દર્શનમાં વિશેષ ખ્યાતિપ્રાપ્ત છે. (૧) નવ્યન્યાયના પ્રકાંડ વિદ્વાન્, તાર્કિકશિરોમણિ મહામહોપાધ્યાય યશોવિજયજી; (૨) સિદ્ધાન્તશિરોમણિ મુનિ વિનયવિજયજી; તથા (૩) વ્યાકરણ, કાવ્ય, અને જ્યોતિષ્શાસ્ત્રના મહામનિષી મુનિ મેઘવિજયજી. આ ત્રણ શ્વેતામ્બર મુનિવરોની કૃતિઓનું આજેય આદર અને વિનયપૂર્વક અધ્યયન-અધ્યાપન થઈ રહ્યું છે. તેમાંય ઉપા૦ યશોવિજયજીના ગ્રંથો તો વિશેષ આદરણીય મનાય છે. એ યુગમાં જ થઈ ગયેલા એક અલ્પજ્ઞાત મુનિ યશસ્વત્ અપર નામ જશવંતસાગરની એક અપ્રગટ કૃતિ, **શબ્દાર્થસંબંધ,** અત્રે પ્રકાશિત કરવામાં આવી રહી છે.

ઉપાધ્યાય યશોવિજયની તીક્ષ્ણ તાર્કિક શૈલી અને કાવ્યાત્મક ભાષામાં રચાયેલી જટિલ કૃતિઓ કરતાં સરળ અને સુબોધ રીતે દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવા ઇચ્છતા પ્રારંભિક અભ્યાસી માટે ઉપયોગી કૃતિ રચવાનું શ્રેય મુનિ યશસ્વત્સાગરને પ્રાપ્ત થાય તેમ છે. જૈન પરંપરાના ન્યાય-દર્શનના ગ્રંથો રચવાની પરંપરા તો સિદ્ધસેન દિવાકરથી શરૂ થઈ જ ગઈ હતી અને આ જ પરંપરામાં આચાર્ય મલ્લવાદી, સિંહશૂર, અકલંક, હરિભદ્રસૂરિ, વિદ્યાનંદ, હેમચંદ્ર આદિ અનેક પૂર્વાચાર્યોએ પ્રૌઢ રચનાઓ કરી હતી અને તે સૌમાં દાર્શનિક ચર્ચાઓ કરવામાં આવી તો છે : પરંતુ ન્યાયદર્શન કે વૈશેષિક દર્શનનો અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીને માટે જેવી રીતે અન્નંભટ્ટ રચિત **તર્કસંગ્રહ** અને વિશ્વનાથ પંચાનનકૃત **મુક્તાવલી** અત્યંત પ્રચલિત છે તેવી કૃતિની જૈનદર્શનમાં ઊણપ હતી. આ ઊણપને ઉપા૦ યશોવિજયજીએ **તર્કભાષા** દ્વારા પૂરી તો કરી પણ તેમની સાંપ્રત કૃતિ પણ સાવ સરળ નથી. તેનો અભ્યાસ કરવા માટે થોડી વધુ સજ્જતાની આવશ્યકતા રહે છે. આવી પરિસ્થિતિમાં સરળ ગ્રંથો રચવાનો પ્રયાસ મુનિશ્રી યશસ્વત્સાગરે કર્યો છે. તેમણે અન્નંભટ્ટના **તર્કસંગ્રહ**ની તોલે આવી શકે તેવી લઘુ કૃતિ **જૈની સપ્તપદાર્થી**ની રચના કરી છે. જ્યારે **મુક્તાવલી**ની તોલે આવી શકે તેવી **સ્યાદ્વાદમુક્તાવલી**ની રચના કરી છે. આ બન્ને કૃતિ પ્રકાશિત થઈ ચૂકી છે. પરંતુ પૂર્વે જૈન ધર્મમાં દર્શનનો અભ્યાસ કરવા માટે સર્વપ્રથમ **તર્કસંગ્રહ** અને **મુક્તાવલી**નો જ અભ્યાસ કરાવવામાં આવતો હતો. અને આજે પણ આ જ પ્રણાલિકા પ્રવર્તતી હોવાથી ઉક્ત બન્ને કૃતિઓની પ્રસિદ્ધિ થઈ શકી નથી એટલું જ નહીં, જૈન દર્શનના અભ્યાસીઓને આવા પ્રકારની કૃતિઓની રચનાનો ખ્યાલ સુધ્ધાં નથી.

## મુનિ યશસ્વત્સાગર

અન્ય લેખકોની જેમ જ મુનિ યશસ્વત્સાગર કિંવા જશવંતસાગરનાં જન્મ, જન્મસ્થળ, માતા-પિતા, અવસ્થા આદિ અંગે કોઈ પણ પ્રકારની વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી. (સ્વ૦) મોહનલાલ દલીચંદ દેસાઈના **જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ** અંતર્ગતમાં તેમની કૃતિઓ અંગે અને ગુરુ અંગેની માહિતી આપવામાં આવી છે, પરંતુ તેથી વિશેષ કોઈ માહિતી ઉક્ત ગ્રંથમાં દર્શાવવામાં આવી નથી. **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** ભા૦ ૩માં પ્રા૦ હિરાલાલ રસિકદાસ કાપડિયાએ યશસ્વત્સાગરની કૃતિઓ અંગે અછડતો ઉલ્લેખ કર્યો છે જરૂર, પણ તેમના સંપૂર્ણ સાહિત્ય અંગે કોઈ પણ પ્રકારની વિશેષ ચર્ચા કરી નથી. સહુ પ્રથમ વિશેષ માહિતી મુનિવર હિમાંશુવિજયજી સંપાદિત **જૈની સપ્તપદાર્થી**ની પ્રસ્તાવનામાં પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રકાશિત યશસ્વત્સાગરની **સ્યાદ્વાદમુક્તાવલી**ની પ્રસ્તાવનામાં માહિતી આપવામાં આવી છે. તથા તેમણે રચેલી કૃતિઓમાં આપવામાં આવેલી પ્રશસ્તિઓને આધારે માત્ર તેમની ગુરુપરંપરા અંગેની જ માહિતી પ્રાપ્ત થાય છે. તેમના પૂર્વ ગુરુ તરીકે અનુક્રમે વિજયપ્રભસૂરિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્યાણસાગર, તથા તપાગચ્છીય શ્રી યશઃસાગરનો ઉલ્લેખ કર્યો છે. અહીં પ્રગટ કરેલી આવેલી કૃતિના અંતે ગુરુ આદિનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. વળી **સ્યાદ્વાદમુક્તાવલી**ના દરેક સ્તબકને અંતે ચારિત્રસાગરનો બહુમાનપૂર્વક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેથી એવું અનુમાન કરી શકાય કે ચારિત્રસાગર તેઓશ્રીના વિદ્યાગુરુ હોય અથવા તેમના દાદા ગુરુ હોઈ શકે, અથવા ધર્મમાં જોડનાર પ્રેરક સાધુ હોઈ શકે.

**કૃતિઓ :**

યશસ્વત્સાગરે નીચે જણાવેલ ૧૪ કૃતિઓની રચના કરી છે. તેમાંથી ત્રણ કૃતિઓ જ પ્રકાશિત થઈ છે. બાકીની બધી કૃતિઓ અદ્યાવધિ અપ્રાપ્ય તેમ જ અપ્રકાશિત છે.

| ગ્રંથનામ | સંવત્ |
|---|---|
| ૧. **વિચારષટ્ત્રિંશિકાવચૂરિ** | ૧૭૨૧ |
| ૨. **ભાવસપ્તતિકા** (પ્રકાશિત) | ૧૭૪૦ |
| ૩. **જૈની સપ્તપદાર્થી** (પ્રકાશિત) | ૧૭૫૭ |
| ૪. **શબ્દાર્થસંબંધ** | ૧૭૫૮ |
| ૫. **પ્રમાણવાદાર્થ** | ૧૭૫૯ |
| ૬. **જૈનતર્કભાષા** | |
| ૭. **વાદસંખ્યા** | |
| ૮. **સ્યાદ્વાદ મુક્તાવલી** (પ્રકાશિત) | |
| ૯. **માનમંજરી** | |
| ૧૦. **સમાસશોભા** | |
| ૧૧. **ગૃહલાઘવવાર્તિક** | ૧૭૬૦ |
| ૧૨. **યશોરાજપદ્ધતિ** | ૧૭૬૨ |
| ૧૩. **વાદાર્થનિરૂપણ** | |
| ૧૪. **સ્તવનરત્ન** | |

ઉપરોક્ત ગ્રંથોની સૂચિ જોતાં જ ખ્યાલ આવી શકે તેમ છે કે તેઓ દર્શનશાસ્ત્ર તથા જ્યોતિષ્શાસ્ત્રના વિદ્વાન્ હતા. અને અન્ય વિદ્વાનોની જેમ વિશાળકાય, તર્કજાળ યુક્ત, અને એથી જટિલ ગ્રંથો ન રચતા પ્રારંભિક અભ્યાસી માટે ઉપયોગી એવા લઘુ ગ્રંથોની રચના કરી છે. આ ગ્રંથોનો અભ્યાસ કરવાથી તદ્તદ્ વિષયના વિશેષ અભ્યાસ અંગેની યોગ્યતા પ્રાપ્ત થઈ શકે તેમ છે.

**શબ્દાર્થસમ્બન્ધ :**

ભારતીય દર્શનશાસ્ત્રમાં શબ્દ અને અર્થના સંબંધ વિશે પૂર્વ કાળથી જ ઘણી ચર્ચાઓ થઈ છે. પ્રાયઃ દરેક દર્શનમાં અને દરેક દાર્શનિકે આ વિષય ઉપર ચર્ચા કરી છે. દર્શનશાસ્ત્રમાં પાંચ પ્રકારના સંબંધો માનવામાં આવ્યા છે. (૧) સંયોગ, (૨) સમવાય, (૩) તાદાત્મ્ય, (૪) તદુત્પત્તિ, અને (૫) વાચ્ય-વાચક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવ સંબંધ. આ પાંચેય સંબંધો અંગે પ્રસ્તુત કૃતિમાં ક્રમશઃ ચર્ચા કરવામાં આવી છે. સંયોગ, સમવાય, તાદાત્મ્ય, અને તદુત્પત્તિ સંબંધ શબ્દ અને અર્થમાં કોઈ રીતે ઘટી શકે તેમ નથી તેની સયુક્તિક ચર્ચા કરી છે. છેલ્લે વાચ્યવાચક સંબંધ જ યુક્તિયુક્ત છે તેમ જણાવ્યું છે.

પ્રસ્તુત કૃતિ **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**ની **રત્નાકરાવતારિકા-ટીકા**માં થયેલી ચર્ચા સાથે મહદંશે શબ્દશઃ સામ્ય ધારાવે છે. તેથી આ કૃતિનો મૂળ આધાર **રત્નાકરાવતારિકા-ટીકા** હોવાનું સ્પષ્ટ છે.

## शब्दार्थसम्बन्धः

**ॐ नमः**

वागर्थयोः शब्दपदार्थयोः को नाम सम्बन्धः ? संयोगो वा समवायो वा तादात्म्यं वा तदुत्पत्तिर्वा वाच्यवाचकभावो वेति पंचकं विचारणीयं वक्तव्यमेतत् न तावत् संयोग-सम्बन्धो द्रव्यद्वयोरेव संयोगस्य सत्त्वात् घटपटयोरिव सह्यविंध्याचलयोरिव । नापि समवायः गुणगुणिनोरेव समवायादात्मभूतमग्ने-रौष्ण्यमनात्मभूतं दंडीपुरुष इति । नापि तृतीयस्तयोस्तादात्म्यं न घटते, अत्र पक्षद्वयं शब्दात्मा अर्थो वाऽर्थात्माशब्दो वाच्यतयात्वच्चित्ते चकास्यात् ? यदि शब्दात्मा शब्दस्तदा समस्ता अपि शब्दाः स्वं स्वमात्मानमात्मना ख्यापयेयुः यथाऽशेषेभ्यः शब्देभ्यः शब्दाद्वैते प्रसर्पति सति...... तंति-तल-ताल-वेणु-वीणा-मृदङ्ग सङ्गि-संगीतकारम्भनिभृत भुवनत्रयं भवेदित्यथ तच्छब्द वाच्यश्चेदर्थस्तर्हि तुरग-तरंग-श्रृंगार-भृंगारानलानिल-मोद-मोदकादिशब्दोच्चारणे चूरण-प्लावन-संभोग-वदनदाहोड्डयन-प्रीति-तृप्त्यादि-प्रसङ्गप्रसक्तेः । किंचातीतानागत सङ्ग वर्त्तमानकालत्रितया विवर्त्ति पदार्थसार्थकथा प्रथाऽवृथाऽपि यथा-तथा स्यात् न हि वृक्षात्मा शिंशपा तमन्तरेण क्वापि संपद्यते वृक्षात्मा शिंशपा एव वृक्षत्वमन्तरा नोपपद्यते यदा स नैव तथात्वे हि स्वरूपमेवासौ जह्यात् येव स्तंभकुंभांभोरुहादिवत् । प्रत्यक्षेनैतयोः शब्दार्थयोस्तादात्म्यं न क्षमते । यथा ताल्वोष्ठरसनारदन-व्यापार-परायणः शब्दः कर्णकोटरकुटुम्बी खल्वभिलापः प्रत्यक्षेण लक्ष्यते, क्षितितलावलम्बी कलशकुलिशादिभावराशिरिति कथमेतयोरैक्यं वक्तुं शक्येत ? तन्न तादात्म्यपक्षोपक्षेपः सूक्ष्मः । तुरायस्तदुत्पत्तिपक्षः शब्दादर्थ उन्मज्जेदर्थाद्वा शब्दः ? प्राचिपक्षे कलशादि शब्दादेव तदर्थोत्पत्तिर्न कापि दरीदृश्यते । सूत्रदण्डचक्रचीवरादिकारणकलापमीलनक्लेशं किमर्थमाश्रयेत् । शब्दोच्चारणमात्रादेव तत्सिद्धेः प्रकृतप्रयोगारम्भाभियोगो निरुपयोगः स्यात् । द्वितीये पुनरनुभवबाधनम अधररदनरसनादिभ्यः शब्दोत्पत्तिसंवेदनादिति तदुत्पत्तिसम्बन्धसम्भवनिराकरणम् । अथ वाच्यवाचकभावपक्षोऽपि न क्षेमकारः । यतोऽसौ वाच्यवाचकयोः स्वभावभूतस्तदतिरिक्तो वा भवेत् प्राचिविकल्पे तौ शब्दार्थावेव न कश्चिद्वाच्यवाचकभावसम्बन्धः । द्वितीयपक्षे एकान्तेन भेदो वा कथञ्चिद्भेदो वा तत्त्वेकान्तभेदे भेदत्रितयं त्रोकते किमयं नित्यो वाऽनित्यो वा नित्यानित्यो वा ३ नित्यश्चेत् सम्बन्धिनोरपि नित्यत्वापत्तेः अन्यथा सम्बधस्याप्यनित्यत्वानुषंगात् तत्संबंधि संबद्धश्चभावद्रव्य.....ते स्तै सम्बन्धिभिरुभयः सम्बन्धस्तस्यस्वभावस्य पतनात् । अथानित्यस्तदा सर्ववाच्यवाचकेष्वेकः, प्रतिवाच्यवाचकं भिन्नो वा ? एकश्चेत्तर्हि तदेकस्मादेव शब्दादशेष पदार्थप्रतिपत्तिप्रसङ्गः । द्वितीयपक्षे तु किमसौ तत्र सम्बद्धोवाऽ सम्बद्धो वा भवेद् ?असम्बद्धश्चेत्तर्हि घटशब्दात्पटप्रतीतिः पटशब्दाद्घटप्रतीतिः । द्वयोरपि वाच्यवाचकयोरुभयत्राविशेषात् । अथ **सम्बद्धसम्बन्ध**स्तादात्म्येन वा तदुत्पत्त्या वा ? न तावत्तादात्म्येन भेदपक्ष कक्षीकारात् । न तावत्तदुत्पत्यात् [यतः] किमयं वाच्योत्पत्तिकाले जायेत वाचकोत्पत्तिकाले वा युगपदुभयोत्पत्तिकाले वा एकस्य प्रथममुत्पादेऽपि यदैव द्वितीय उत्पद्येत तदैव वेति ? विकल्पचतुष्टयम् । तत्राद्यौ द्वावेव पक्षावक्षूणौ, द्वयाधारत्वेनास्यान्यतरस्याप्यसत्तायामुत्पत्तिविरोधात् । तार्तीयीक विकल्पे तु क्रमेणोत्पदिष्णवः पदार्थाः शब्दार्थाऽवाच्या अवाचकाश्च भवेयुस्तुरीयपक्षे तु किमसौ वाच्यवाचकाभ्यामेव सकाशादुल्लसेद्, अन्य एव संकेतादपि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शब्दाद्वाच्यवाचकाभ्यामपि सकाशादन्यतोऽपि वा ? आद्य कल्पनायांमनाकलित संकेतस्यापि नालिकेरद्वीपवासिनः शब्दोच्चारणानन्तरमेव पदार्थसार्थप्रतीतिः स्यात्। तदानीं तस्य वाच्यस्य दर्शने तस्य सम्बन्धस्योत्पादनाद अथोत्पन्नोप्यसौ संकेताभिव्यक्त एव वाच्यप्रतिपत्ति-निमित्तम् ननु कार्यकारणभावविशेष एवाभिव्यंग्याभिव्यंजक-भावस्तत्र चान्यतोऽपीति विकल्पप्रतिविधानमेव समाधानम् न हि शब्दाः श्वपाका इव वराकाः स्वलक्षण ब्राह्मणं क्षणमपि स्प्रष्टुमर्हति, विकल्पशिल्पिकल्पितार्थमात्रगोचरात्वात् तेषाम्। विकल्पानां चोत्प्रेक्षा-लक्षण-व्यापार-पर्यवसितत्वात् । तदुक्तम्

विकल्पयोनयः शब्द विकल्पाः शब्दयोनयः ।
कार्यकारणता तेषां नार्थं शब्दाः स्पृशन्त्यमी ॥१॥

तदेतदखिलमनिलांदोलितार्कतूल सदृशमिति शब्दार्थयोः सम्बन्ध निराकरणं तत्स्थापने च युक्तियुक्तावस्तु युक्तय **रत्नाकरावतारिकातो** विज्ञेयास्तत्स्थापनार्थं परप्रणीत कंटकोद्धार प्रकार विशेषण संदर्भितानि वाक्यानि यथा वाच्य-वाचकोत्पत्ति-समय-संभूष्णु-शक्ति स्वभावस्याऽबाधितस्तथानुभवेन चित्रज्ञारूपस्पष्टदृष्टान्ता वष्टम्भेन च कृतविरोधपरिहारत्वान्नित्यानित्यस्य वाच्यवाचकाभ्यां कथञ्चिद्भिन्नस्य सामान्यविशेषोभयस्वभाववस्तुगोचरो-परचित-संकेताभिव्यक्तस्य वाच्यवाचक भाव-सम्बन्धस्य बलेन शब्दानामर्थस्य प्रतिपादकत्वं प्रतिपद्य शब्दमेव प्रामाण्यमङ्गीकृतमिति शब्दार्थयोः सम्बन्धसंबद्धत्वं लिखिते ।

पं. **यशस्वत्सागरेण** संवत् १७५८ वर्षे संग्रामपुरे स्वेन गणिश्री **मुनीन्द्रसागर** वाचनार्थम् ॥श्री॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org